Volume-4, Issue-12, December 2017 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# સૌંદર્યલક્ષી નીતિવાદ : પાશ્ચાત્ય અને ભારતીય કલામીમાંસકોના સંદર્ભમાં નવલરામ પંડ્યાનો કલાવિચાર

ડૉ. દ્યુતિ યાજ્ઞિક
એસોસીએટ પ્રોફેસર, તત્ત્વજ્ઞાન વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

---

## ૧. નવલરામ લક્ષ્મીરામ પંડ્યાનું જીવન

નવલરામ માતા નંદકોર અને પિતા લક્ષ્મીરામ પંડ્યાનું એકનું એક સંતાન હતા. તેમનો જન્મ ૧૮૩૬ના માર્ચની નવમી તારીખે થયો હતો. બાળપણથી નવલરામ એકાંતિક સ્વભાવના હતા, રમતગમતમાં રસ ધરાવતા ન હતા. આકાશ, ચંદ્ર, સૂર્ય, તારા તરફ જોતાં તે વિચારમાં લીન રહેતા. શાળાના સારા અભ્યાસ નિમિત્તે પારિતોષિક અને ફ્રી સ્કોલરશીપ મેળવી અંગ્રેજી શાળામાં પ્રવેશ મેળવ્યો. આમ વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દી ઉજ્જવળ હતી. તેમણે હટન ભૂમિતિ અને ઘનસમીકરણમાં કૌશલ્ય સંપાદન કરેલું. નર્મદા ઉપર બંધાઈ રહેલા ગોલ્ડન બ્રિજના સંદર્ભે નવલરામે પોતાના ગણિતના જ્ઞાનને આધારે પાણીના પ્રવાહના વેગ અને થાંભલાના માપ વચ્ચે સમીકરણ શોધી આપી ગૂંચવણ ઉકેલી આપી હતી.

તેમના જીવન દરમ્યાન તેમણે સુરતની હાઈસ્કૂલના શિક્ષક, ડીસાની વર્નાક્યુલર સ્કૂલના મુખ્ય શિક્ષક, સુરતની ટ્રેઈનીંગ સ્કૂલના મુખ્ય શિક્ષક, અમદાવાદની ટ્રેઈનીંગ કૉલેજના વાઈસ પ્રિન્સીપાલ, ગુજરાત શાળાપત્રના તંત્રીપદ, બાળવિવાહનિષેધક મંડળીના મંત્રીપદ, રાજકોટની ટ્રેઈનીંગ કૉલેજના પ્રિન્સીપાલપદ એમ વિવિધ પદોએ સેવાઓ બજાવી છે.

૧૮૮૮ના પ્રારંભમાં તેમને જલોદર થયું. ચિકિત્સકોએ આશા મૂકી દીધી. અંતકાળે એમ વિચાર્યું કે પોતાના પિતાને પુત્રવધુ અને પૌત્રના ઓશીયાળા ન રહેવું પડે તે કારણે નવલરામે તેમના પિતાને પાંચ હજાર રૂપિયા આપ્યા. પુત્રને વિદ્વાન બનવાની અને પુત્રીને પતિસેવામાં રત રહેવાની સલાહ આપી. પોતાના મૃત્યુ પછી રોવાકૂટવાની મનાઈ કરી, સૌની ક્ષમા યાચી, ઈશ્વરસ્મરણ કરતાં કરતાં સચ્ચિદાનંદના ઉદ્‌ગાર સાથે બાવન વર્ષની વયે, ૭-૮-૧૮૮૮ને રોજ તેમણે દેહ છોડ્યો. ઉંમર મૃત્યુને યોગ્ય નહિ છતાં મૃત્યુને તેમણે તત્ત્વજ્ઞાનીની સ્વસ્થતાથી આવકાર્યું તેમાં તેમનું તત્ત્વચિંતન કેવળ સપાટીનું નહિ, ભક્તિપૂર્વકનું અને આત્મસાત થયેલું હતું એ પ્રતીત થાય છે.

## ૨. નવલરામના ગ્રંથો

ભટનું ભોપાળું (નાટક) : ૧૭૬૭
વીરમતી (નાટક) : ૧૮૬૯
મેઘદૂતનું ભાષાંતર : ૧૮૭૦
પ્રેમાનંદરચિત કુંવરબાઈનું મામેરું (સંપાદન) : ૧૮૭૧
વ્યુત્પત્તિપાઠ : ૧૭૭૩
બાળલગ્નબત્રીશી : ૧૮૭૬
બાળગરબાવળી : ૧૮૭૭
અકબર-બીરબલ નિમિત્તે હિન્દી કાવ્યતરંગ : ૧૮૭૯
નિબંધરીતિ : ૧૮૮૦
ઈંગ્રેજ લોકોનો સંક્ષિપ્ત ઈતિહાસ : ૧૮૮૦-૮૭ (ગુ.શા.પ.)

(બળવંતરાય ઠાકોરનું સંપાદન : ૧૯૧૪)

કવિજીવન : ૧૮૮૮

નવલગ્રંથાવલિ : ૧ થી ૪ : સં. ગોવર્ધનરામ ત્રિપાઠી : ૧૮૯૧

નવલગ્રંથાવલિ : ૧, ૨ (શાળાપયોગી આવૃત્તિ)

(સં. હીરાલાલ શ્રોફ : ૧૯૧૧)

નવલગ્રંથાવલિ (તારણ) : સં. નરહરિ પારેખ : ૧૯૩૭

## ૩. નવલરામનાં ચિંતનના ક્ષેત્રો

શ્રી રમેશ શુક્લ નોંધે છે કે સમાજસુધારો, શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે, નવોત્થાનના કાળમાં, સુરતે ત્રણ વિધાયક 'નન્ના'ઓ આપ્યા - નર્મદ, નવલરામ અને નંદશંકર. નર્મદ તો ગુજરાતી ભાષી પ્રજાના અણુઅણુમાં વ્યાપી ગયો હતો, નંદશંકર સ્મરાય છે પ્રથમ ઐતિહાસિક નવલકથાના સર્જક તરીકે, તો નવલરામ સંભારાય છે, ગુજરાતી ભાષાના પ્રથમ તત્ત્વાભિનિવેશી ગ્રંથવિવેચક તરીકે.

એ જ રીતે શ્રી ધીરુભાઈ ઠાકર પણ નોંધે છે કે ગુજરાતીમાં સુઘડ અને શાસ્ત્રીય સાહિત્ય વિવેચનની પ્રણાલિકા સ્થાપનાર નવલરામ હતા. સ્વસ્થતા, સહૃધ્યતા, તટસ્થતા, બહુશ્રુતતા અને મર્મજ્ઞતા જેવા વિવેચકમાં આવશ્યક ગુણો આપણને સૌ પ્રથમ નવલરામમાં એકત્રિત થયેલા માલૂમ પડે છે. સંસ્કૃત રસશાસ્ત્ર અને અંગ્રેજી સાહિત્ય વિવેચનના સમન્વયરૂપ વિવેચન સિદ્ધાંતો તેમનાં લખાણોમાં વિનિયોગ પામેલા છે. આ દષ્ટિએ તેમને આપણા આદ્ય વિવેચક તરીકે ઓળખીએ તો ખોટું નથી.

એમની વિવેચન પદ્ધતિ ઘણુંખરું પૃથક્કરણાત્મક હતી. પુસ્તકનો સાર આપીને તેનાં અંગોપાંગનું ક્રમે ક્રમે પૃથક્કરણ કરતા જવું અને સ્વસ્થ ન્યાયાધીશની અદાથી તેના ગુણદોષ પારખવા એ તેમનો સામાન્ય નિયમ હતો.

એ સ્પષ્ટ છે કે નવલરામનો ગ્રંથકાર તરીકેનો યશ જેટલો તેમની સર્જન, ઉપસર્જન કૃતિઓ પર નિર્ભર છે તેથી વિશેષ વિવિધ વિષયો પરના તેમના ચિંતન અને વિવેચનના લેખો પર છે. તેમણે સ્વદેશપ્રીતિ, સુધારો, શિક્ષણ, પત્રકારિત્વ, ભાષાશાસ્ત્ર અને સાહિત્યનાં વિવિધ પાસાંઓ વિશે એક અથવા બીજે નિમિત્તે વિચાર્યું, મનન કર્યું, અને લખ્યું તે હેતુલક્ષિતા, તાર્કિકતા, તત્કાલીન સંદર્ભ અને નિરૂપણની રીતિની દૃષ્ટિએ અતિ મહત્ત્વનું છે.

સુધારો, શિક્ષણ, ભાષા આદિની નવલરામની વિચારણામાં દેશદાઝ એક મહત્ત્વનું પ્રેરક, ચાલક અને નિર્ણાયક પરિબળ છે. 'હિન્દુસ્તાનમાં એક ભાષા' નિબંધમાં તેઓ અંગ્રેજી શાસનને આ ખંડના રાજકીય ઐક્ય માટે તેમ અંગ્રેજી શિક્ષણને પ્રજાકીય ઉત્થાન માટે જગતનિયંતાએ યોજેલા 'વિષયવત્ ઔષધ' રૂપ ગણે છે. આર્યકાળના ઋષિઓની કલ્યાણ બુદ્ધિ સાથે આજના હિન્દુઓની મતલબી અને ટૂંકી નજરને સરખાવતાં, દેશના વિનિપાત માટે તેને જવાબદાર લેખી તેઓ પ્રાચીન ભારતની વિદ્યાનિષ્ઠા અને અર્વાચીન પશ્ચિમની પુરુષાર્થ નિષ્ઠા કેળવી દેશને અભિમાનયોગ્ય બનાવવા તરફ લક્ષ દોરે છે.

સુધારાક્ષેત્રમાં તેમના વિચારો સુધારાપક્ષી છતાં નર્મદસાઈ ઉદ્દામવાદી નહિ, તેમ દલપતસાઈ મંદતાના પણ નહિ, મધ્યમમાર્ગી હતા. તેમની પ્રતિષ્ઠા પણ સાહિત્ય વિવેચક તરીકે છે તેટલી પ્રચાર સુધારક તરીકેની નથી, તેનું પણ આ મુખ્ય કારણ છે. તેમણે સ્વનિરીક્ષણ કરતાં નોંધયું છે કે તેમનું વલણ radical નહિ, conservative છે. જગતભરની સુધારાપ્રવૃત્તિમાં તેઓ radical-conservative-radical એ રીતનું osclillation નું વલણ હોવાનું તારવે છે.

નવલરામની આંતર ચેતના સૌમ્ય, ધીર, સ્વસ્થ અને ગંભીર હતી. શિક્ષણ સમાજસુધારો અને સાહિત્યસર્જન-વિવેચન એ ત્રણ ક્ષેત્રોમાં તેમણે ઊંડાણપૂર્વક અને ગંભીરતાથી વિચાર્યું છે. પ્રસ્તુત સંશોધનપત્રમાં તેમના સાહિત્યવિવેચન સંદર્ભે થયેલા વિચારોને સૌંદર્યશાસ્ત્રના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવાનો પ્રયત્ન છે.

## ૪. નવલરામનો કલાવિચાર : ૧

નવલરામના કલાવિષયક વિચારો મુખ્યત્વે કાવ્યના સંદર્ભમાં જ છે. તેથી અહીં સૌપ્રથમ તેમના મતે કોને કાવ્ય ન કહેવાય તે દર્શાવી, ત્યારબાદ તેમના મતે ઉત્તમ કાવ્ય કયું કહેવાય તે દર્શાવ્યું છે. તે પછી તેમના વિચારોની કેટલાક પાશ્ચાત્ય અને ભારતીય સૌંદર્યમીમાંસકોના વિચારો સાથે તુલના કરી છે.

**૪.૧ રસ-રીતભાત-સુવિચાર**

નવલરામ રસ, રીતભાત અને સુવિચારને પૃથક-પૃથક બતાવી દર્શાવે છે કે ભાતભાતના પ્રસંગ વડે માણસના મનમાં જે ભાતભાતના વિકાર ઉત્પન્ન થાય છે તેના ખરેખરા વર્ણનનું નામ તે ‘રસ’ છે. એમાંના સાધારણ વિકારો જગતનાં જુદા જુદા દેશકાળે પ્રગટ થાય છે તે રીતભાત છે અને માણસના વ્યવહારમાં જે, કાર્યકરણનો સંબંધ રહેલો છે તે શોધી કાઢવો અને તે ઉપરથી સિદ્ધાંત બાંધવો તે સુવિચાર છે. તેમના મતે જેમાં રીતભાતનું વર્ણન વધારે હોય અને ખરા રસની માત્ર છાંટ જ હોય તેને વાર્તા અથવા નૉવેલ કહે છે અને સુવિચાર તો સાદા સહાયક અંગેનું જ કામ સારે છે. જ્યારે કાવ્ય અને નાટકમાં રસ એ બીજા અંગ કરતાં એટલો વધારો હોવો જોઈએ કે તે જ રસમૂર્તિ છે એમ કહીએ તો કહી શકાય. આમ, સુવિચાર કે રીતભાતના વર્ણનવાળી સાહિત્ય રચનાને તેઓ કવિતા ગણતા નથી.

**૪.૨ દૈવી-માનુષી-આસુરી કવનો**

નવલરામ દૈવી, માનુષી અને આસુરી એમ ત્રણ પ્રકારનાં કવનો દર્શાવી તે પ્રત્યેકના લક્ષણો આંકી આપે છે :
(૧) દુનિયામાં ન હોય અથવા ક્વચિત જ હોય એવા સદ્‌ગુણનું વર્ણન કરવું તે દૈવીકાવ્ય.
(૨) માણસમાં ગુણદુર્ગુણ સામાન્યપણે હોય છે તેવા જ ચીતરવા તેનું નામ માનુષી કાવ્ય.
(૩) દુનિયામાં ન હોય અથવા ક્વચિત જ હોય એવી દુર્ગુણમય આ સૃષ્ટિને વર્ણવવી તે આસુરી કાવ્ય.

નવલરામ કહે છે ‘....એવા દુર્ગુણના રસમય ચિત્રોથી (પરિણામે દુઃખ વર્ણવ્યું હોય તો પણ) જુવાન માણસના મન પર નઠારી અસર થાય છે અને અતિ પ્રૌઢ બુદ્ધિવાળાને તો તે ચિત્ર રુચતાં જ નથી’ આમ, નવલરામના મતે આસુરી કાવ્યો એ યોગ્ય નથી.

**૪.૩ હાસ્ય-રસ**

હાસ્યરસ અને અન્ય રસનો સંદર્ભ વિચારતાં પણ નવલરામે અનુકરણ સિદ્ધાંતને તો નિર્ણાયક ગણ્યો છે પરંતુ જે રીતે દુર્ગુણ કે દુઃખ વર્ણવ્યું હોય તેવા કાવ્યને તેઓ યોગ્ય ગણતા નથી તે રીતે હાસ્યરસને તેઓ કુદરતી નથી માનતા અને સારી કવિતાની વ્યાખ્યામાં તેને સ્થાન નથી આપતા. તેઓ કહે છે :

‘કુદરતના ચિત્રથી હાસ્યરસ ઉત્પન્ન થતું જ નથી. એ જ કારણને લીધે સૃષ્ટિ સૌંદર્ય જોવાથી અથવા તેનાં ખરાં વર્ણન વાંચવાથી હસવું આવતું નથી. બીજા સઘળા રસમાં કુદરતની નકલ હોય છે અને હાસ્યરસમાં કુદરતની distorted નકલ અથવા સાધારણ ભાષામાં જેને નકલ કહે છે તે જ હોય છે.

**૪.૪ કવિતાના એકાંગી અંગની સમીક્ષા**

નવલરામના મતે કુદરત અથવા માયાના સ્વરૂપનું ખરેખરું પૂર્ણ ચિત્ર તે ઉત્તમ કવિતા છે પણ કુદરતનાં એકાંગી ચિત્ર પણ થાય છે. એવાં અપૂર્ણ ચિત્ર મન ઉપર વધારે અસર કરે તો પણ તે કદી ઉત્તમ કવિતાના નામને યોગ્ય થતાં નથી.’

અહીં એ સ્પષ્ટ કરવું જરુરી છે કે ‘એકાંગી’ અને ‘પૂર્ણ’ વિશેષણોથી પોતે શું કહેવા માગે છે તેની નવલરામે કોઈ સ્પષ્ટતા કરી નથી. તેમ છતાં કાવ્યના એકાંગી અંગથી જ સંતુષ્ટ થનારા લોકોની ટીકા કરતાં તેઓ કહે છે કે,

‘ઘણા તો સારા રાગમાં વૈદકશાસ્ત્રનું પણ માપવાળું લખાણ હોય તો તેને કવિતા સમજે, અને તેમાં ઝાકઝમકના તડાકાભડાકા તથા સસ્સામમ્માવાળા પાંચસાત શબ્દ જોકે ગૂંથેલા હોય તો તેને ઉત્તમ કવિતા કહી પોતાના મનમાં નિશ્ચય કરે કે અમારા જેવા કવિતાના પારખું કોઈ નથી. તેઓના વિચારમાં શબ્દનો (૧) ધ્વનિ એ જ કવિતા છે. તેઓ અર્થની ઝાઝી પરવા રાખતા નથી, એમ નથી વિચારતા કે ભાષાના શબ્દનો ધ્વનિ અને તેને રોંડાની પેઠે મનસ્વી આકારમાં ગોઠવવું એ જ કવિતા હોત તો કાલિદાસને યુરોપખંડમાં વખાણવાનો દહાડો ક્યાંથી આવત ? અર્થની ખૂબીને માટે જ કાલિદાસ, હોમર, શેક્સપિયર અને બીજા મોટા કવિઓ દુનિયામાં વખાણાય છે. કેટલાક લોકો ભાષાની (૨) શુદ્ધતા, સરળતા અને મીઠાશને જ કવિતાનું માપ ગણે છે. કેટલાક (૩) હસાવવું એ જ કવિતાનો મુખ્ય હેતુ સમજે છે... કેટલાક દોઢ ડાહ્યા પદ્યમાં (૪) નીતિનાં ભાષણો હોય તેને જ કવિતા કહે છે. ઉત્તમ કવિતામાં નીતિ તો અલબત્ત હોય જ, પણ તે વ્યંગરૂપે, ... નિબંધરૂપ હોતી નથી. વળી, કેટલાક રસિક, પણ કાવ્યશાસ્ત્રના ઉંડા વિચારે રંક પુરૂષો (૫) રડાવે તેને જ ઉત્તમ કવિતા કહે છે. એમ હોય તો મિલ્ટનનું અમરકીર્તિ પાત્ર ‘પેરેડાઈઝ લૉસ્ટ’ નીરસ ગણાવું જોઈએ, કેમ કે તે ગંભીર કાવ્યમાં કરુણા રસ નથી.... ફકત લાગણીઓ જ કવિતાનું માપ હોય તો વીરરસ કવિતાને માથે શૃંગારરસ કવિતાને જ ચડાવી દેવી પડે...’ આમ, નવલરામના મતે માપવાળું લખાણ, પ્રાસવાળું લખાણ કે ધ્વનિ, શુદ્ધતા, સરળતા, મીઠાશ, હાસ્ય, નીતિ કે રુદનને કવિતાના એકાંગી અંગ ગણાવી ઉત્તમ કવિતા નથી ગણતા.

**૫. નવલરામનો કલાવિચાર : ૨**

નવલરામ ‘માયા’ અને ‘કુદરત’ એ પરસ્પર વિરોધી સંજ્ઞાઓનું સામાજસ્ય રચી કાવ્યતત્વને સમજવાનો પ્રયત્ન કરે છે. નવલરામ ‘કુદરત’ શબ્દ લાક્ષણિક અર્થમાં યોજે છે. ‘કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો’ (૧૮૬૭) માં કવિતાની વ્યાખ્યા તેઓ આ પ્રમાણે આપે છે : ‘માયા અથવા કુદરતના સ્વરૂપનું ખરેખરું ચિત્ર તે કવિતા’

‘કવિ નર્મદાશંકરની કવિતા’ (૧૮૬૭) માં પણ તેઓ શબ્દફેરથી આ જ વ્યાખ્યા આપે છે : ‘કુદરત અથવા માયાના સ્વરૂપનું ખરેખરું પૂર્ણ ચિત્ર તે ઉત્તમ કવિતા’

તેઓ કહે છે કે ‘હું જાણું છું કે કુદરતનું સ્વરૂપ તે જ કવિતા અથવા રસ.’ તેમના મતે કોઈ એમ કહે કે “આ પુસ્તકમાં રસ નથી” તો તેનો અર્થ એ થાય છે કે તેમાં કુદરતનું સ્વરૂપ દેખાતું નથી. એમના આ નિરૂપણમાં ‘કુદરતનું સ્વરૂપ’ = કવિતા = રસ એવું સમીકરણ યોજાયું છે. રસ અને કવિતાને પરસ્પર પર્યાયો ગણવામાં નવલરામ કવિતાની રસપ્રધાનતા, રસાત્મકતા પર ભાર મૂકે છે.

**૫.૧ માયા અને કુદરત**

અહીં તેમના માયા અને કુદરત વિશેના ખ્યાલ સમજવા જરુરી છે. તેઓ કહે છે કે ‘માયા’ એટલે આભાસ, એટલે કે મૂળ વસ્તુ નહિ. અને તેની ‘અનુકૃતિ એ કલા’ છે. અર્થાત્ કલા એ real નહિ, પણ realike છે, આભાસી છતાં આભાસ ન લાગે, પણ સત્ય જ લાગે, તે કલા, એવો અર્થ તેમના મતે ‘માયા’ સંજ્ઞામાં છે. માયા શબ્દ નવલરામને વેદાંતમાંથી મળ્યો નથી, પ્લેટો પાસેથી મળ્યો છે. પ્લેટો દશ્યમાન જગતને, કુદરતને આભાસી કહે છે એ સંદર્ભમાં નવલરામ ‘માયા’ અને ‘કુદરત’ ને પરસ્પર પર્યાય લેખે છે. જોકે ‘કુદરત’ નો અર્થ Natural કરતાં વધારે છે, એમ નવલરામ કહે છે.

**૫.૨ કાર્ય-કારણ**

એ ઉપરાંત સૃષ્ટિની સંતતતા માટેની ગોઠવણ, યુક્તિ, વ્યવસ્થાને તેઓ scheme of providenceના અર્થમાં ‘કુદરત’ કહે છે. Laws of nature are immutable એ સિદ્ધાંત અનુસાર આ ‘કુદરત’ પણ કાર્યકારણના નિયમોમાંથી પર નથી એમ દર્શાવી તે આ કાવ્યમાં પણ કાર્યકારણના સિદ્ધાંતનો મહિમા કરે છે. ‘માયાના આભાસી’ સ્વરૂપ સાથે આમ ‘કુદરત’ના

2016, RHIMRJ, All Rights Reserved

કાર્યકારણસાપેક્ષ સ્વરૂપને જોડીને કવિતા imitation કંઈક વિશેષ એવું પણ તેઓ પ્રતિપાદન કરવા માગે છે. (ગુજરાતી ગ્રંથકાર શ્રેણી : ૩૩ નવલરામ, રમેશ મ. શુક્લ, પૃ.૫૯) શ્રી રમેશ શુક્લ દર્શાવે છે કે આ કંઈક વિશેષ એ Image શબ્દના અર્થમાં છે. Image શબ્દ પોતે આકૃતિવાચક અને 'અનુકૃતિ' નો દ્યોતક છે. Imaginationમાં, કલ્પનામાં પણ ચિત્રીકરણનો ધ્વનિ છે. નવલરામ જ્યારે 'કુદરતનું ચિત્ર' કહે છે ત્યારે Imaginationનો જ અર્થ સમજવાનો છે. કેઝેલીટની વ્યાખ્યા પણ નવલરામની વિચારણાની ભૂમિકામાં છે. "Poetry then is an imitation of nature, but there imaginations and passions are part of man's nature'.

### ૫.૩ કુદરતનું ચિત્ર એ કવિતા

ચિત્ર અંગેના ખ્યાલને વધુ સ્પષ્ટ કરતાં શ્રી રમેશ શુક્લ નવલરામના વિચારો દર્શાવતાં કહે છે કે 'ચિત્ર' એટલે real નહિ, reallike એ સંદર્ભમાં 'કુદરતનું સ્વરૂપ' કવિતામાં scheme of providence થી ભિન્ન નહિ એવું, કાર્ય કારણ સંબંધ નિરપેક્ષ નહિ એવું, એટલે વાસ્તવિક નહિ તો યે વાસ્તવિકથી ઉફરું નહિ એવું હોય છે, એમ કહેવાનું તેમનું તાત્પર્ય છે. 'Imitation નો ભાસ જતો રહે છે' એમ નવલરામ કહે છે ત્યાં અનુકરણના સિદ્ધાંતનો અસ્વીકાર નથી, તેમ તેમાં સુધારો પણ નથી, Imitation સંજ્ઞા જ આભાસમૂલક છે. મૂળ નહિ હોવામાં જ આભાસ છે. પરંતુ, વસ્તુ આભાસી હોવા છતાં આભાસી ન લાગે ત્યારે તે અનુકરણ કલા બને છે. એ અર્થમાં અનુકરણના ભાસનું જતું રહેવું નવલરામને અભિપ્રેત છે.

'કુદરતનું સ્વરૂપ' કે 'કુદરતનું ચિત્ર' એ કવિતા એમ કહેતી વખતે 'ચિત્ર' શબ્દને સમજાવતાં નવલરામ કહે છે કે 'ચિત્રનો અર્થ એટલો જ કે સ્વરૂપનું બીજાને ભાન કરાવવાનું સાધન. પછી તે સાધન ગમે તે પ્રકારથી હો...' 'ભાન કરાવવું' એટલે communicate કરવું, સંક્રમણ કરવું.

### ૫.૪ દ્વિવિધ કુદરત

નવલરામ રસની પરિભાષામાં દ્વિવિધ કુદરતનો ખ્યાલ સ્પષ્ટ કરે છે. રસને તેઓ વિવિધ પરિસ્થિતિમાં વ્યક્તિચિત્રમાં ઊઠતા વિવિધ મનોભાવો રૂપે ઓળખાવે છે. 'વિકાર' શબ્દથી તેઓ સ્થાયી ભાવનું રસમાં રૂપાંતર નિર્દેશે છે. આ વિકારો એટલે પાત્રગત મનોભાવોનું રસસ્વરૂપે થયેલું રૂપાંતર. આમ, રસને તેઓ delineation of passions-મનોભાવનું ચિત્રીકરણ કહે છે.

તેમના મતે સર્જનાત્મક સાહિત્યમાં 'બહારની અને અંદરની કુદરતનું ચિત્ર' આવશ્યક છે. 'અંદરની કુદરત' એ passions, વ્યક્તિના મનોભાવો, લાગણીઓ, સંવેદનો વગેરે છે અને 'બહારની કુદરત' એટલે વસ્તુગત અને પાત્રગત પરિવેશ, વ્યવહાર આદિ.

શ્રી રમેશ શુક્લ નોંધે છે કે આ દ્વિવિધ 'કુદરત' ના વર્ણનમાં તેઓ 'સાચાઈ' પર ભાર મૂકે છે. 'સાચાઈ' શબ્દથી તેમને authentic અથવા real, reallike એવો અર્થ અભિપ્રેત જણાય છે. તેમને એ અભિપ્રેત છે કે સર્જનાત્મક સાહિત્યમાં વસ્તુગત પ્રકૃતિ અને પાત્રગત પ્રકૃતિ (આંતર અને બાહ્ય) વાસ્તવિકતાથી નિરપેક્ષ અથવા વિમુખ ન હોય. એ રીતે આલેખન પામવી જોઈએ. રામનો વ્યવહાર રામનો જ હોય, કૃષ્ણવત ન હોય, એ રીતે.

### ૫.૫ કવિતારૂપ અર્થ

નવલરામ કવિતાનો અર્થ અથવા કવિતારૂપ અર્થ તે ભાવકના ચિત્તમાં ચિત્ર પાડી શકે, તેની કલ્પનાશીલતા જાગ્રત કરી શકે, image ઉભી કરી તેના દ્વારા ભાવકની સંવેદનશીલતાને જાગ્રત કરી શકે તે સંદર્ભે સૂચવે છે. તેઓ માને છે કે ભાવકના ચિત્તમાં આ 'અર્થ' જો સંપૂર્ણ અને સાહજિક, પ્રતીતિકર image જન્માવી ન શકે તો તે અર્થ કવિતાનો અર્થ ન કહેવાય, કેવળ વ્યવહારનો અર્થ કહેવાય. જોકે અર્થની સાથે સાથે નવલરામે 'ચિત્રની સાચાઈ અને સંપૂર્ણતા' રચવામાં શબ્દનું મહત્ત્વ અને ચોક્કસ

*સ્થાન સ્વીકાર્યું જ છે. શબ્દનું પર્યાયપરિવૃત્તિ અસહત્વ અને અર્થનું વ્યંજનાક્ષમત્વ ઉપરાંત બંનેનું સંયુક્ત રાગક્ષમત્વ તેમને અનિવાર્યતયા અપેક્ષિત લાગ્યું છે.*

*પરંતુ શબ્દ અને અર્થનો પરસ્પર અનુબંધ અને અર્થના સંદર્ભમાં કેવળ શબ્દની ગૌણતા દર્શાવતા સ્પષ્ટ કહે છે :*

*"શબ્દનો ધ્વનિ એ કવિતા નથી પણ રાગ છે. કવિતા અર્થમાં રહેલી છે. જે અર્થ આપણા મનમાં ચિત્ર પાડી નાના પ્રકારની લાગણીઓ ઉપર અસર કરે છે તે કવિતા અને એ ચિત્રની સાચાઈ અને સંપૂર્ણતા ઉપરથી કવિતાના ક્રમ બંધાય છે."*

### ૫.૬ કવિતાનું સાવયવ એકમ- જૈવિક એકીભૂત - Organic whole

*નવલરામ ઉપર મુજબ કવિતામાં ન હોવા જોઈએ અને હોવા જોઈએ તેવાં લક્ષણો વર્ણવી તે તમામમાં રહેલા એકાંગીપણાને સ્વીકારીને ઉત્તમ કવિતાનો ખ્યાલ આપતાં કવિતાના એકમ સ્વરૂપને દર્શાવે છે. નવલરામ કવિતાના સાવયવ એકમ સ્વરૂપ પર, જૈવિક એકીભૂત -* Organic whole *સ્વરૂપ પર ભાર મૂકે છે. 'ચિત્રની સાચાઈ અને સંપૂર્ણતા' ના મર્મ સમજાવતાં તેઓ કહે છે કે શબ્દ કેવળ શબ્દ તરીકે, અન્-અર્થ સંબંધી નહિ, અર્થાનુબંધયુક્ત હોય, પ્રાસાનુપ્રાસ આગંતુક નહિ, આનુષંગિક હોય, છંદવિનિયોગ કૌશલ અને અર્થપોષકતાથી થયો હોય, નિરૂપણ વિસ્તારી અને અભિધાકક્ષાએ નહિ, પરંતુ લાઘવપૂર્વક અને વ્યંજનામૂલક હોય તેવી રચનાને તે ઉત્તમ કવિતા છે.*

### ૫.૭ વૈશ્વિક કવિતા – Universal Poetry

*શ્રી રમેશ શુક્લ નોંધે છે કે નવલરામ 'મનના વિચારો' (૧૮૭૮) રૂપ નોંધમાં તેમણે એરિસ્ટોટલ સાથે બેકનની વિચારણાનું સામંજસ્ય ચકાસવા ટાંચણ કર્યું છે. આ ટાંચણમાં તેઓ સામાયિક કવિતા* periodical poetry *- અને વૈશ્વિક કવિતા* universal poetry *વચ્ચેનો ભેદ તપાસી* universal poetry *ને ઉત્તમ કવિતા તરીકે ઓળખાવી, ઉત્તમ કવિતાના વૈશ્વિક સ્તરનાં તત્વો વિચારે છે. તેઓ કહે છે : 'કાળ કાળના કાવ્યો જુદા જ તોપણ બધા કાળમાં સામાન્ય રીતે જ જે માન્ય થાય તે ઉત્તમ કાવ્ય,* universal *કાવ્ય.*

### ૫.૮ સૌંદર્યલક્ષી નીતિવાદ- Beautiful and Sublime

*નવલરામ પશ્ચિમની* beautiful *અને* sublime *ની કલ્પનાને સ્વીકારે છે. એમાં બેકનનો પ્રભાવ છે. પરંતુ, નવલરામ તેથી યે આગળ જવા માંગે છે. તેઓ* popularity *ને નહિ,* purity *ને ઈષ્ટ ગણે છે.* purity *બે પ્રકારની ગણે છે :* classical & advanced. classical purity *ને છોડી* advanced purity *પ્રતિ સુધારાવાદી અભિગમ કેળવાય તેને પણ તેઓ ઈષ્ટ ગણે છે. આમ, પરંપરા અને પ્રાગતિકતા બંનેમાં* purity *ને તેઓ અપેક્ષે છે. બંનેમાં તેઓ લાગણીનું પણ ઉર્ધ્વીકરણ અપેક્ષે છે.*

*તેઓ પ્લેટોની કક્ષાએ અંતિમવાદી* puritan *નથી. તેઓ સૌંદર્યલક્ષી નીતિવાદી છે. તેમના મતે, સુબોધ એ સારા નાટકનું સ્વાભાવિક ફળ છે, પણ તેનો ઉદ્દેશ નથી. તેઓ કહે છે કે આ સુબોધ, સુનીતિનો બોધ, ભાષણરૂપનો નહિ, આચરણરૂપનો વ્યંગરૂપ હોવો જોઈએ.*

*નવલરામનો સૌંદર્યલક્ષી નીતિવાદ* aesthetic puritanism *છે. તેઓ એરિસ્ટોટલ અને બેકનની વિચારણાનો સમન્વય કરી, કાવ્યનાટક કવિતાનો તિરસ્કાર ન કરવા છતાં, પ્લેટોની એ તિરસ્કાર પાછળની નીતિવાદની ભૂમિકાનો સ્વીકાર કરી, તેમાં સૌંદર્ય અને ઊર્જસ્વી અંશોને પામવાની શક્યતા સ્વીકારે છે.*[૬]

### ૬. પાશ્ચાત્ય અને ભારતીય સૌંદર્યમીમાંસકો સાથે તુલના

નવલરામની કાવ્યમીમાંસા રસનિષ્પત્તિની શાસ્ત્રીય પરિભાષામાં થયેલી નથી. છતાં તેમના ચિંતનમાં પાશ્ચાત્ય અને ભારતીય કલામીમાંસકોનો ચિંતનની છાયા જણાય છે. તેથી, અહીં કેટલાક પાશ્ચાત્ય અને કેટલાક ભારતીય કલામીમાંસકોના વિચારો સાથે નવલરામના કલા વિષયક વિચારોની તુલના કરી છે.

### ૬.૧ કેટલાક પાશ્ચાત્ય ચિંતકો

#### ૬.૧.૧. પ્લેટો

સૌંદર્યશાસ્ત્ર એ નામ અઢારમી સદીમાં એલેક્ઝાન્ડર બોમગાર્ટને આપ્યું. અઢારમી સદી સુધી સૌંદર્યશાસ્ત્રનું મૂલ્યાંકન નીતિમત્તા કે તત્ત્વજ્ઞાન અને ધર્મના સંદર્ભે જ થતું હતું. પ્લેટોના સૌંદર્યલક્ષી ખ્યાલોનું વિશ્લેષણ સૌંદર્યશાસ્ત્રનું નીતિમત્તા અને જ્ઞાનાત્મકતા સાથેનું જોડાણ સ્પષ્ટ કરે છે.

પ્લેટોના મતે કલા એ નકલની પણ નકલ છે. તેઓ કલાને ઇન્દ્રિયગ્રાહ્ય જગત તેમજ અપરિવર્તનશીલ Ideas કરતાં નિમ્ન ગણે છે. કલાને, પ્લેટોના મતે borrowed value છે, કાંતો નીતિમત્તામાંથી અથવા વિચારોના જગતમાંથી borrowed છે. અર્થાત્, કલાને મૂલવવાનો માપદંડ તેમના મતે નૈતિકતા જ છે.

અહીં નવલરામ પ્લેટો કરતાં બિલકુલ ભિન્ન વિચારો ધરાવે છે. તેઓ નૈતિકતાને કલાનું કેવળ સહાયક અંગ ગણે છે.

પ્લેટો મતે તેમના આદર્શ નગરમાં કરુણાન્તિકાને પ્રવેશ નથી. કારણ કે તે આદર્શ નગરજનોના મનને દુષિત કરે છે.

અહીં નવલરામ પ્લેટો સાથે સહમત છે કારણ કે નવલરામ માને છે કે હાસ્ય કે દુઃખ એ કુદરતી નથી, એટલે કલામાં થયેલી તેમની નકલ એ distorted નકલ છે.

પ્લેટોના મતે સૌંદર્યશાસ્ત્ર અને તત્વજ્ઞાન બંને વચ્ચે મોટો મૂળભૂત તફાવત છે. સૌંદર્યશાસ્ત્રએ અબૌદ્ધિકતા અને લાગણીનું પરિણામ છે, જ્યારે તત્વજ્ઞાન એ તર્કબુદ્ધિનું પરિણામ છે.

"This imposition of cognitive and moral norms upon art, denied art its autonomy and made it a handmaid to morality and metaphysics"

જ્યારે નવલરામ કલાને નીતિનિરપેક્ષ રાખીને તેને autonomy પ્રદાન કરે છે.

#### ૬.૧.૨. પ્લોટીનસ

પ્લોટીનસ પ્લેટોથી વિપરિત માને છે કે કલા એ reality થી બે કક્ષા દૂર નથી, ઉલટાનું કલા એ realityની ફરી નજીક જવાનું સાધન છે. તેમના મતે, આદર્શ સૌંદર્ય એ good છે. આમ, પ્લોટીનસ મુજબ સૌંદર્યલક્ષી અભિગમ એ નૈતિકતાથી અલગ નથી. કારણ કે, "The primal good and the primal beauty have one dwelling place."

અહીં નવલરામ કલાને નકલની નકલ એ પ્લેટોના મતથી વિરુદ્ધ પ્લોટીનસના ખ્યાલ સાથે સમાનતા રાખે છે, પણ ફરી આદર્શ કલાને તેઓ નૈતિકતાના માપદંડથી નથી માપતા, અને એ રીતે તેઓ પ્લોટીનસથી જુદા પડે છે.

#### ૬.૧.૩. ઍરિસ્ટોટલ

ઍરિસ્ટોટલ મુજબ કોઈપણ અભિવ્યક્તિને શુદ્ધ સ્વરૂપે વ્યક્ત કરવી એટલે કલા. કલા જીવનના પ્રત્યક્ષ-નક્કર અનુભવ પર રચાયેલી છે. આ પ્રત્યક્ષ અનુભવ કલાના માધ્યમ દ્વારા જ્યારે રૂપાંતરિત થાય છે ત્યારે તેનું રૂપ વધુ વ્યાપક બને છે. ઍરિસ્ટોટલના મતે કલા પ્રકૃતિની અધુરપને, અપૂર્ણતાને પૂર્ણ કરવા મથે છે.

અહીં ઍરિસ્ટોટલના વિચારો સાથેની નવલરામના વિચારોની સામ્યતાના સંદર્ભમાં શ્રી રમેશ શુક્લ નવલરામ વિશે નોંધે છે તે પ્રસ્તુત છે. તેઓ કહે છે કે દશ્યમાન જગત એટલે કુદરતનું અનુકરણ તે કવિતા એ ઍરિસ્ટોટલનો મત છે. બેકન અનુકરણના

સિદ્ધાંતમાં સુધારો કરીને કહે છે કે કલામાં કેવળ કુદરતનું અનુકરણ જ નથી, એથી વિશેષ છે. કુદરત સંપૂર્ણ નથી, ન્યૂન છે. એની પૂર્તિ કલાકાર કરતો હોય છે. 'કુદરતને સુધારવી' અને 'કુદરતની હદ વધારવી પડશે' એમ કહ્યું છે ત્યાં બેકનના આ સિદ્ધાંતનો સંદર્ભ છે. પરંતુ નવલકરામ અનુકરણના સિદ્ધાતનો અને કુદરતની ન્યૂનતાપૂર્ણ કરવાના સિદ્ધાંતનો કેવળ સમન્વય અપેક્ષીને અટકતા નથી. બેકન કરતાં કુદરતને વધારે ઝીણી રીતે જોવી પડશે એમ તેઓ કહે છે.

વળી, પ્લેટો જેટલો ઍરિસ્ટોટલને કલા પ્રત્યેના પૂર્વગ્રહ નથી. તેમના મતે કરુણ અને હાસ્ય બને લાગણીઓને માટે કલાનું cathartic મૂલ્ય છે. કરુણ એ દયા અને ભય તથા હાસ્ય એ ઉત્તેજીત લાગણીઓ સર્જે છે.

આ સંદર્ભે, અર્થાત્ કરુણ અને હાસ્ય રસના સંદર્ભે નવલરામ ઍરિસ્ટોટલ કરતાં અલગ પડે છે તે એ રીતે કે બંન્ને ઘટનાઓનું નવલરામના મતે કોઈ મૂલ્ય નથી કારણ કે તે બંન્ને બાબતો કુદરતનું distorted ચિત્ર રજૂ કરે છે.

**૬.૧.૪. ક્રોચે**

ક્રોચે કલાની સ્વયત્તતા અને અનન્યતા (automomy and uniqueness)ને સ્વીકારે છે. તેમના મતે, કલાએ વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન છે અને તેના મૂલ્યના સ્વતંત્ર માપદંડથી તે સમગ્ર કાળ માટે પ્રમાણભૂત રહે છે.

નવલરામ ક્રોચેની જેમ કલાની નીતિનિરપેક્ષ સ્વાયત્તતાને સ્વીકારે છે અને વૈશ્વિક કવિતાના ખ્યાલ દ્વારા કલાની સાર્વત્રિકતાનો પણ સ્વીકાર કરે છે.

**૬.૧.૫. કૅન્ટ**

કૅન્ટ તેમના critique of judgementમાં કલાની સ્વાયત્તતા- automomy of aestheticsના સિદ્ધાંતિનું જોરદાર પ્રતિપાદન કરી, કલાને એકતરફ નૈતિકતા અને બીજી તરફ જ્ઞાનાત્મકતાથી સ્વતંત્ર કરે છે. તેમાં તેઓ beautiful અને sublime ને લગતા નિર્ણયોનું વિશ્લેષણ કરે છે.

કૅન્ટ સૌંદર્યશાસ્ત્રનું ક્ષેત્ર સ્થાપિત કરવામાં અને તેની સ્વાયત્તતા સ્થાપવામાં સૌ પ્રથમ સ્થાન ધરાવે છે. (Edmund berke, A philosophical engiery into the origine of our ideas of the subline and the beautiful. Ed. J.T. Boution London, 1958, P.23)

"It is a pure activity of the imagination, coupled with reason and understanding that goes into the visualization of aesthetic objects"

આમ કૅન્ટ imitation ને બદલે, સૌંદર્યશાસ્ત્ર સાથે imaginationને સાંકળે છે.

નવલરામ કૅન્ટના ચિંતનની સૌથી નજીક છે એમ જોઈ શકાય છે. કલાની સ્વયત્તતા તેમ જ કલાને કેવળ નકલને બદલે imagination ગણવાનું નવલરામ પણ કૅન્ટની જેમ અનિવાર્ય ગણે છે.

**૬.૧.૬. સાર્ત્ર અને સ્પેન્ગ્લર**

સાર્ત્ર મુજબ કલા એ અમુક નિશ્ચિત સ્થળ કાળમાં ઉત્પન્ન થતી હોવાથી તે કલાને તેના સંદર્ભમાં જ મહત્ત્વ છે. કારણ કે કલા એ કેવળ ઈન્દ્રિય અનુભૂતિ જ નથી, પણ તેનું વિષયવસ્તુ અગત્યનું છે અને એ વિષયવસ્તુ કલાકારનું authentically chosen commitment છે અને એ commitment નિશ્ચિત ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાંથી ઉત્પન્ન થાય છે. આમ, કલા તેના સ્થળ-કાળગત સંદર્ભ વગર તેનું મહત્ત્વ ગુમાવે છે. *Beyond their time and space, they are mere cultural artifacts.* સ્પેન્ગ્લરના મતે પણ કલા temporal છે, universal નથી.

વિષયવસ્તુની અગત્ય અને તે વિષયવસ્તુ એ કલાકારનું authentically chosen commitment છે તેમ નવલરામ પણ સ્વીકારે છે. પરંતુ, સાર્ત્ર અને સ્પેન્ગ્લરથી વિરુદ્ધ નવલરામ કલાને temporal ને બદલે, universal માને છે.[૬]

**૬.૨ કેટલાક ભારતીય ચિંતકો**

**૬.૨.૧ ભરત**

ભરત નાટ્યના ચાર રૂપો વર્ણવે છે- આંગિકમ્, વાચિકમ્, આહાર્યમ્, સાત્વિકમ્

નવલરામ જ્યારે આંતર અને બાહ્ય કુદરતનું ચિત્ર એ કવિતા એમ કહે છે ત્યારે 'બહારની કુદરત' એટલે વસ્તુગત અને પાત્રગત પરિવેશ, વ્યવહાર આદિ ગણે છે જેને આંગિકમ્, વાચિકમ્, આહાર્યમ્ વગેરે સાથે સરખાવી શકાય.

**૬.૨.૨ આનંદવર્ધન**

આનંદવર્ધન (૯મી સદી)નું ધ્વન્યાલોકમાં જણાવે છે કે ધ્વનિ અથવા suggestive, evochative શક્તિ જ કવિતાનો આત્મા છે. આ ધ્વનિ ૩ પ્રકારના છે :

(૧) વસ્તુધ્વનિ :- વિચારનું સૂચન કરે છે.
(૨) અલંકાર ધ્વનિ :- ભાષાના સ્વરુપ અલંકારનું સૂચન કરે છે.
(૩) રસધ્વનિ :- લાગણી જગાડનાર

એમના મતે તેમાં રસધ્વનિ શ્રેષ્ઠ છે. તેઓ ઉત્તમ કવિતા તેને કહે છે. જ્યાં વ્યંજના એ અભિધા કરતાં વિશેષ છે.

"That poetry was regarded by him as the best (uttamakavya) or dhavnikavya, wherein the suggested sense (Vyangyartha) far outshown the primary or expressed sense (vacyartha)"

આ વ્યંગાર્થ કે વ્યંજના એ રસધ્વનિમાં હાર્દરૂપ હોવાથી ત્રણેમાં તે જ મુખ્ય છે.

નવલરામ પણ આનંદવર્ધનની સાથે એ બાબતમાં સહમત છે કે અભિધા કરતાં વ્યંજના અથવા વ્યંગાર્થ જ રસાનુભૂતિમાં હાર્દરૂપ છે.

**૬.૨.૩ ભટ્ટ નાયક**

ભટ્ટ નાયકના મતે રસાનુભુતિમાં પૂર્ણ થતાં સુધીમાં તે ત્રણ તબક્કામાંથી પસાર થાય છે, (૧) અભિધા - denotation શબ્દોના પ્રાથમિક અર્થનું જ્ઞાન થાય છે.

(૨) ભાવના અથવા સાધારણીકરણ - Generdilization નાટકની મુખ્ય વિચારને અંગભંગથી, હાવભાવથી વૈચારિક દષ્ટિએ પામે છે, જેનાથી ભાવકનું મન ભ્રમણા અને અજ્ઞાનતાથી મુક્ત થઈ, એ આદર્શ ભાવક (સહૃદય) પામે છે.

(૩) ભોગ - delectation, જ્યાં ભાવકનું મન સત્ય અને પવિત્રતાથી dominate થાય છે, તે વખતે કલાનો ઉચ્ચતર આનંદની અનુભૂતિ કરે છે. બ્રહ્માનુભૂતિ જેવી.

અભિનવગુપ્ત સમીક્ષા કરતાં કહે છે કે જ્યારે 'વિજ્ઞાના' અથવા poetic suggestion વખતે જ તે અનુભૂતિ થતી હોવાથી તેને ત્રણ તબક્કાએ દર્શાવવી આવશ્કયક નથી. અભિનવગુપ્તની સાથે નવલરામ પણ આ જ ટીકા કરી શકે.

**૬.૨.૪ અભિનવગુપ્ત**

2016, RHIMRJ, All Rights Reserved

ISSN: 2349-7637 (Online)

અભિનવગુપ્ત રસને delineation of passions-મનોભાવનું ચિત્રીકરણ કહે છે અને ભાવક પાસે મનોભાવોનું ચિત્રીકરણ કરવાની ક્ષમતા ન હોય તેને તેઓ ક્ષતિરૂપ ગણે છે.

નવલરામ પણ અભિનવગુપ્તની જેમ રસને delineation of passions-મનોભાવનું ચિત્રીકરણ કહે છે.

ભરતની જેમ અભિનવગુપ્ત પણ માને છે કે કાવ્યાર્થ એ જ રસ છે. વાચક કે આસ્વાદકના કાવ્ય પરના contemplation માંથી જે 'અર્થ' નિષ્પન્ન થાય છે તે જ રસ છે. ભરત પોતેએ તેમના ગ્રંથના સાતમા અધ્યાયમાં ભાવોની વ્યાખ્યા કરતી વખતે રસની વાત કરી છે. અભિનવગુપ્ત તેમાં કાંઈ નવું નથી કહેતા. ત્યાં ભરત કહે છે કે ભાવ જ કાવ્યના અર્થને ધ્યાન આપવાની વસ્તુ બનાવે છે. અભિનવગુપ્ત કહે છે કે આનો અર્થ એ થયો કે ભાવક દ્વારા ધ્યાનથી જોવાયેલ કાવ્યનો અર્થ એ જ રસ છે.[૬]

અભિનવગુપ્તની જેમ નવલરામ પણ દૃઢપણે માને છે કે કવિતાનો અર્થ એ જ રસ છે.

**૬.૨.૫ રવીન્દ્રનાથ ટાગોર**

રવીન્દ્રનાથ ટાગોરના મતે કલા એ બાહ્ય અને આંતર સૃષ્ટિના સમન્વયરૂપે પ્રાપ્ત થતી સર્જન પ્રક્રિયા છે. તેમના મતે વ્યક્તિગત ચેતનાને વૈશ્વિક ચેતના સાથે એકાકાર કરવી તેનું નામ કલા છે. કલામાં અત્યંત વ્યક્તિગત અનુભવનું સાધારિકરણ થાય છે.

આ સંદર્ભે નવલરામ પણ ટાગોરની જેમ માને છે કે આંતર અને બાહ્ય કુદરતનું ચિત્ર એ કલા છે અને તેમાં વૈશ્વિકતા પણ છે.

વળી, ટાગોર નીતિનું મૂલ્ય સ્વીકારતા હોવા છતાં માને છે કે સત્યનો એના શુદ્ધ સ્વરૂપમાં સ્વાર્થની લેશમાત્ર છાયા વગર નીતિ કે વ્યવહારના ઉપદેશ વગરનો સાક્ષાત્કાર એટલે કલા.

નવલરામ પણ એ રીતે જ નીતિનિરપેક્ષ અને છતાં નીતિની પોષક એવી કલાની વ્યાખ્યા કરે છે કે જ્યાં નીતિ એ કલાનો મુખ્ય ઉદ્દેશ નથી, પણ તે સહાયક જરૂર છે.

આમ, મારા વાંચનમાં આવેલા નવલરામના કલાવિચારને જોતાં એક પ્રશ્ન એ થાય છે કે નવલરામે કલાનો વિચાર ભાવક કે આસ્વાદકના સંદર્ભે ઘણો કર્યો છે પરંતુ ઍરિસ્ટોટલ કે ફ્રોઈડ માને છે તેમ સર્જકની પોતાની કલાના સર્જન પાછળના cathartic મૂલ્ય પરત્વે ઉપેક્ષા સેવે છે. એ જ સંદર્ભમાં કહી શકાય કે તેમણે કલાની વિચારણા બૌદ્ધિક-તાર્કિક દૃષ્ટિએ વિગતે કરી છે પણ કલાકારની પોતાની કલાસર્જનના કારણભૂત લાગણીની ચર્ચા કરી નથી.

આ દૃષ્ટિએ જોતાં ભટ્ટ લોલ્લાટ અને નવલરામ બંને એકાંગી અભિગમ રાખે છે. ભટ્ટ લોલ્લાટ કેવળ સર્જક અથવા પાત્ર ભજવનારને કેન્દ્રમાં રાખીને પોતાનો કલાવિચાર પ્રસ્તુત કરે છે અને આસ્વાદક અથવા 'સામાજિક'ના સંદર્ભે વિચાર્યું નથી. તે જ રીતે, નવલરામે પણ સર્જકની કલા સર્જન પાછળની લાગણીની ભૂમિકા અંગે વિગતે ચિંતન કર્યું નથી.

---

[i] રમેશ મ. શુક્લ, *ગુજરાતી ગ્રંથકાર શ્રેણી : ૩૩ નવલરામ*, (અમદાવાદ:કુમકુમ પ્રકાશન, ૧૯૮૩), પૃ.૨

[ii] ધીરુભાઈ ઠાકર, *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, સુધારકયુગ*, ( ),પૃ.૬૨

[iii] ધીરુભાઈ ઠાકર, એજન, પૃ.૬૩

[iv] રમેશ મ. શુક્લ, *ગુજરાતી ગ્રંથકાર શ્રેણી : ૩૩ નવલરામ*, (અમદાવાદ:કુમકુમ પ્રકાશન, ૧૯૮૩), પૃ.૩૯-૬૮ (નવલરામનો સમગ્ર કલાવિચાર, જે ૧-૭ પાનાં પર પ્રસ્તુત છે તે આ પુસ્તકના આપેલા પૃષ્ઠ પરથી લીધેલો છે.)

[v] Rekha Jhanji, *Aesthetic Meaning-Some Recent theories*, (Delhi: Ajanta Publications(India),1980), પૃ.૩,૪,૮-૧૧,૨૪

[vi] Y.S. Walimbe, *Abhinavagupta on Indian Aesthetic*, (Delhi: Ajanta Publications(India),1980), પૃ.૪,૬-૭,૪૪